બરોડા લાયન્સ ક્લબ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત

# બરોડા હાઈસ્કૂલ, દંતેશ્વર
## ગુજરાતી માધ્યમ



# ધમાચકડી



વેબસાઈટ : WWW.BARODAHIGHSCHOOL.COM

**સંપાદકશ્રીઓ**

ભારતી ચવ્હાણ , હેતલ જોષી
અંજલી દવે, ઉષા રાઠવા

**અંક - ૫૮**

**જુલાઈ ૨૦૨૬**

# વિષયસૂચિ


01 ધર્મજ્ઞાન કુંજ ------------------------------ 03

02 સપનાથી સિદ્ધિ સુધી ------------------------------ 04

03 વિસ્મય વિશ્વ ------------------------------ 05

04 સર્જન સરિતા ------------------------------ 06 - 10

05 જિજ્ઞાસા જંકશન ------------------------------ 11

06 મજાની મગજમારી ------------------------------ 12



વિચારોના આંગણે કલ્પનાના દીપ પ્રગટ્યા..🪔 જ્ઞાનના કિરણોથી સર્જનના માર્ગ ઝળહળ્યા..💫નાના નાના શબ્દોમાં મોટા સપનાઓ ખીલ્યાં,😇 અને બાળમનની ઊર્મિઓએ નવા રંગો ઝીલ્યાં.🌈તો ચાલો, ધમધમાટ ધમાચકડીને સાથી બનાવી, મૌલિકતાની પાંખે ચડી, સર્જનના આ ઉત્સવને ઉજવીએ અને નવી ક્ષિતિજો સર કરીએ...! ✨

## જાણો : રથયાત્રા

અષાઢ સુદ બીજના દિવસે ત્રણ વિશાળ રથોમાં ભગવાન જગન્નાથ, બલભદ્ર અને સુભદ્રાને બેસાડી મુખ્ય મંદિરથી ગુન્ડીચા મંદિર સુધી યાત્રા કાઢવામાં આવે છે. લાખો ભક્તો રથની દોરી ખેંચે છે. થોડા દિવસો પછી બહુડા યાત્રા દ્વારા ભગવાન ફરી મુખ્ય મંદિરે પરત ફરે છે. રથયાત્રા ભક્તિ, સમાનતા, સેવા અને ભગવાન પ્રત્યેના અખૂટ પ્રેમનું પ્રતીક માનવામાં આવે છે.



### ત્રણ રથો

નંદિઘોષ – ભગવાન જગન્નાથનો રથ (૧૬ પૈડાં)
તાળધ્વજ – ભગવાન બલભદ્રનો રથ (૧૪ પૈડાં)
દર્પદલન (દેવદલન) – દેવી સુભદ્રાનો રથ (૧૨ પૈડાં)

### વાર્તા

એક વખત ભગવાન શ્રીકૃષ્ણ, બલરામ અને સુભદ્રા દ્વારકામાં બેઠા હતા. ત્યારે વ્રજની ગોપીઓ અને રાધાજી સાથેના શ્રીકૃષ્ણના બાળપણના પ્રસંગોની ચર્ચા ચાલી રહી હતી. આ પ્રેમભરી વાતો સાંભળતાં શ્રીકૃષ્ણ, બલરામ અને સુભદ્રા એટલા ભાવવિભોર થઈ ગયા કે તેમના શરીરનું સ્વરૂપ બદલાઈ ગયું અને તેમની આંખો વિશાળ થઈ ગઈ. એ સમયે દેવર્ષિ નારદ ત્યાં આવ્યા. તેમણે આ દિવ્ય સ્વરૂપના દર્શન કરીને પ્રાર્થના કરી કે આ સ્વરૂપ કલિયુગમાં ભક્તોને પણ દર્શન મળે. ભગવાને તેમની પ્રાર્થના સ્વીકારી. પછીથી પુરીમાં ભગવાન જગન્નાથ, બલભદ્ર અને સુભદ્રાની મૂર્તિઓ એ જ દિવ્ય સ્વરૂપમાં સ્થાપિત થઈ અને આજે પણ તેની પૂજા કરવામાં આવે છે.

**જગન્નાથ ગીતની લિંક** [અહિં ક્લિક કરો.]

## 🌟 આ અંકની પ્રેરક કહેવત 🌟

"પુસ્તકો જ્ઞાન આપે છે, પરંતુ જિજ્ઞાસા જ્ઞાનને જીવંત રાખે છે."

👉 અર્થ: માત્ર વાંચવાથી જ જ્ઞાન પૂર્ણ થતું નથી. પ્રશ્ન પૂછવાની, શોધ કરવાની અને નવી બાબતો જાણવાની ઈચ્છા જ વ્યક્તિને સાચા અર્થમાં શીખનાર બનાવે છે.

👉 વિદ્યાર્થીઓ માટે સંદેશ: હંમેશા "શા માટે?" અને "કેવી રીતે?" પૂછવાની ટેવ રાખો. જિજ્ઞાસુ મન જ નવી શોધો કરે છે અને જીવનમાં નવી દિશાઓ ખોલે છે.

## શક્તિપીઠ (૪૭) : હિંગળાજ શક્તિપીઠ



- સ્થાન: પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાંતમાં, કરાચીથી આશરે ૨૫૦ કિ.મી. ઉત્તર-પશ્ચિમમાં હિંગોલ નદીના તટ પર મકરાણના રણ વિસ્તારમાં આવેલું છે.
- મહત્વ: આ હિન્દુ ધર્મની ૫૧ શક્તિપીઠોમાંની એક છે. પૌરાણિક કથા અનુસાર, અહીં માતા સતીનું બ્રહ્મરંધ્ર (માથું) પડ્યું હતું.
- વિશેષતા: આ પવિત્ર સ્થાનની મુલાકાતે હિન્દુઓ ઉપરાંત મુસ્લિમ ભક્તો પણ મોટી સંખ્યામાં આવે છે, જેઓ માતાને 'નાની પીર' તરીકે પણ આદર આપે છે.

## શાળા ગૌરવ...

તા.૧૩ અને ૧૪ જૂનના રોજ અમદાવાદ ખાતે યોજાયેલ ઓપન સ્ટેટ સ્કેટિંગ કોમ્પિટિશનમાં ધોરણ-૨બ ની વિદ્યાર્થીની વૃષ્ટિ મોહિત પરમારે ૩00 મીટરની રેસમાં ત્રીજા ક્રમ પર આવી બ્રોન્ઝ મેડલ તેમજ ૧000 મીટરની રેસમાં બીજા ક્રમ પર આવી સિલ્વર મેડલ મેળવેલ છે.



અઘરા લાગતા ગણિતને સરળ બનાવ્યું છે,
અમારા વિદ્યાર્થીઓએ વીડિયોમાં ગણિતનું નવું વિઝન બતાવ્યું છે!
અહિં ક્લિક કરો.

ધોરણ- ૪ પર્વ એમ. પરમારે મલખમ સુપર લીગ વડોદરા ગુજરાત દ્વારા આયોજિત મલખમ હેંગ ઈન સ્પર્ધામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે.




## વ્યક્તિ વિશેષ



જન્મ: ૧૦ ઓગસ્ટ ૨૦૦૫, ચેન્નઈ
સંપૂર્ણ નામ: આર. પ્રજ્ઞાનંદા
તેઓ ખૂબ નાની ઉંમરે ચેસમાં આંતરરાષ્ટ્રીય સફળતા મેળવવા માટે જાણીતા બન્યા. ૨૦૧૮માં તેઓ વિશ્વના સૌથી યુવા ગ્રાન્ડમાસ્ટરોમાંના એક બન્યા હતા. તેમણે વિશ્વના ઘણા ટોચના ચેસ ખેલાડીઓને હરાવીને ભારતનું નામ રોશન કર્યું છે. ભારતીય ગ્રાન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનંદાએ પ્રતિષ્ઠિત નોર્વે ચેસ ટુર્નામેન્ટ જીતનાર પ્રથમ ભારતીય બનીને ચેસનો ઈતિહાસ રચ્યો, સતત ચાર ક્લાસિકલ ગેમ જીત સાથે શાનદાર વાપસી પૂર્ણ કરી. તેમણે રનર-અપ જીએમ વેસ્લી સો અને વર્લ્ડ ચેમ્પિયન મેગ્નસ કાર્લસનને પાછળ છોડીને ટાઈટલ મેળવ્યું.
પ્રજ્ઞાનંદા મહેનત, એકાગ્રતા અને પ્રતિભાના ઉત્તમ ઉદાહરણ છે.

### અબ્દુલ કલામ મેમોરિયલ ડે

સરળતા જેમનો શણગાર હતો,
દેશપ્રેમ જેમનો આધાર હતો..
વિજ્ઞાનને સમર્પિત જીવન આખું,
એવા કલામ દરેક યુવાનોનું અભિમાન હતા..!!



યુવાનોની ઊર્જા અને કૌશલ્ય રાષ્ટ્રની સૌથી મોટી સંપત્તિ છે." – એ .પી .જે અબ્દુલ કલામ

## જાણ્યું - અજાણ્યું

🌊 અલ નીનો : એક રહસ્યમય સમુદ્રી ઘટના જે આખી દુનિયાને હલાવી શકે છે !
🤔 શું તમે જાણો છો કે પ્રશાંત મહાસાગરમાં હજારો કિલોમીટર દૂર પાણી ગરમ થવાથી ભારતનું ચોમાસું નબળું પડી શકે ?
🤔 શું એક નાની માછલીની અછત બ્રાઝિલને વિશ્વનો સૌથી મોટો સોયાબીન ઉત્પાદક બનાવી શકે?
🤔 શું સમુદ્રની એક ઘટના વિશ્વભરમાં દુષ્કાળ, પૂર, જંગલ આગ અને ખાદ્ય પદાર્થોના ભાવને અસર કરી શકે?
તો આ બધાનો જવાબ છે હા... — અલ નીનો (El Niño)!

🐟 એક નાની માછલીથી શરૂ થયેલી મોટી વાર્તા :
૧૯૭૨માં પેરુના દરિયાકિનારે મળતી પેરુવિયન એન્ચોવેટા નામની માછલીની સંખ્યા અચાનક ખૂબ ઓછી થઈ ગઈ. આ માછલી માણસો કરતાં વધુ પશુ-પક્ષી અને અન્ય માછલીઓના ખોરાક માટે ઉપયોગી હતી. માછલીઓની સંખ્યા એટલી ઘટી ગઈ કે પેરુ સરકારે માછીમારી પર પ્રતિબંધ મૂકી દીધો.વિશ્વની ખાદ્ય વ્યવસ્થામાં ખલેલ મચી ગઈ !
લોકોએ વિકલ્પ તરીકે સોયાબીનનો ઉપયોગ શરૂ કર્યો. જાપાનને સમજાયું કે માત્ર અમેરિકા પર નિર્ભર રહેવું જોખમી છે. તેથી તેણે બ્રાઝિલ સાથે મળીને ખેતી વિકાસનો મહાપ્રયોગ શરૂ કર્યો.
આજે બ્રાઝિલ વિશ્વનો સૌથી મોટો સોયાબીન ઉત્પાદક દેશ છે!

🌊 અલ નીનો ખરેખર છે શું?
સામાન્ય રીતે પ્રશાંત મહાસાગરમાં ફૂંકાતા પવનો ગરમ પાણીને એશિયા અને ઓસ્ટ્રેલિયા તરફ ધકેલે છે. પણ ક્યારેક આ પવનો નબળા પડી જાય છે ત્યારે ગરમ પાણી દક્ષિણ અમેરિકાની નજીક જ અટકી રહે છે. સમુદ્રના તળિયેથી આવતું પોષક તત્ત્વોથી ભરપૂર ઠંડું પાણી ઉપર આવી શકતું નથી. પરિણામે...
🐟 માછલીઓ ઘટે !, 🌾 ખેતી પ્રભાવિત થાય !, ☔ વરસાદની પેટર્નમાં બદલાવ !, 🌍 સમગ્ર પૃથ્વીના હવામાનને અસર ! જેથી... 🔥 ભયંકર ગરમી, 🌧️ અતિવૃષ્ટિ અને પૂર, 🏜️ દુષ્કાળ, 🌲 જંગલ આગ, 🌾 પાકમાં નુકસાન, 💰 ખાદ્ય પદાર્થોના ભાવમાં વધારો વગેરે ઘટનાને જ અલ નીનો કહેવામાં આવે છે.
🇮🇳 ભારતમાં અલ નીનોના વર્ષોમાં સામાન્ય રીતે ચોમાસું નબળું રહેવાની શક્યતા રહે છે.

📜 ઈતિહાસના કેટલાક નોંધપાત્ર અલ નીનો :
- ૧૮૭૬–૭૮ : ભયંકર દુષ્કાળ, કરોડો લોકો અસરગ્રસ્ત.
- ૧૯૯૧–૯૨ : અમેરિકામાં ઉંદરોની સંખ્યા વધી અને હન્ટાવાયરસ રોગચાળો ફેલાયો.
- ૧૯૯૭–૯૮ : દક્ષિણ-પૂર્વ એશિયામાં ગંભીર દુષ્કાળ અને જંગલ આગ.
- ૨૦૧૫–૧૬ અને ૨૦૨૩–૨૪ : તાજેતરના સૌથી શક્તિશાળી અલ નીનો વર્ષો...

🌟 જાણવા જેવું :
અલ નીનો દર વર્ષે આવતો નથી. તે સામાન્ય રીતે ૨ થી ૭ વર્ષના અંતરે આવે છે અને તેની અસર ઘણા મહિનાઓ સુધી રહી શકે છે. વૈજ્ઞાનિકો આજે પણ તેની તમામ અસરોની સંપૂર્ણ આગાહી કરી શકતા નથી.
💡 વિચારવા જેવી વાત : અલ નીનો આપણને શીખવે છે કે પ્રકૃતિની દરેક ઘટના એકબીજા સાથે જોડાયેલી છે. સમુદ્રમાં થતો નાનો ફેરફાર પણ આખી દુનિયાના જીવનને અસર કરી શકે છે.

## "વિકાસથી વંચિત જીવનની હકીકત"

"નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં શિક્ષણ, આરોગ્ય અને માર્ગ જેવી મૂળભૂત સુવિધાઓ પહોંચાડવી સમયની સૌથી મોટી જરૂરિયાત છે. વિકાસના પ્રકાશથી જ આ વિસ્તારોમાં શાંતિ અને પ્રગતિનો માર્ગ ખૂલશે. જ્યારે દરેક ગામ સુધી તક અને સુવિધા પહોંચશે, ત્યારે વિશ્વાસ અને સમૃદ્ધિ બંને વધશે. સશક્ત સુવિધાઓ જ સુરક્ષિત અને વિકસિત સમાજનો પાયો છે." જુઓ આ લિંક દ્વારા વધુ માહિતી... અહિં ક્લિક કરો.



## આંધળુ અનુકરણ

કાગ ગયો બગલાનું, કરવા આજે
અનુકરણ.
રંગ ભર્યો પણ રાગે પકડાયું એ અનુકરણ.
સિંહ તણી ખાલ ઓઢી,
શિયાળ ફરે છે અહીં.
ત્રાડ પડી ત્યાં તરત જ ઓળખાયું
અનુકરણ.
પોતાની જાત ભૂલી બીજામાં છે રચાવવું,
અંતે તો દુઃખદાઈ થશે આંધળું અનુકરણ.
મૌલિકતાની મહેક તો ક્યાંય ખોવાઈ ગઈ,
શ્વાસે શ્વાસે થાય છે બસ નકરું અનુકરણ.
દર્પણ પણ મૂંઝાય છે જોઈ નકલી ચહેરો,
અસલ ચહેરો છોડી શાને કરવું અનુકરણ.

આયુષી શૈલેષભાઈ રબારી
ધોરણ ૧૧ સામાન્ય પ્રવાહ

## મારી કળા

વૃષ્ટિ મોહિત પરમાર ધોરણ - ૨



હેતવી બકુલભાઈ ચૌહાણ ધોરણ -૨



# બાળ લેખણી

## હૃદય-સ્વેદ...

રાત ભલે કાળી ઘોર હોય, પણ સવાર ખીલે છે,
જ્યારે ભીતરના સંઘર્ષમાં હૈયાને પરસેવો વળે છે;
એ આંસુ હારના નથી, એ તો જીતનો અભિષેક છે,
વર્ષોની એ મૂંગી મથામણનો આજે અંત કળે છે!

વર્ષો સુધી પલકોમાં છુપાવી રાખ્યું'તું જે સપનાઓનું વાવેતર,
એ સપના સાકાર થતાં જ સફળતાનું આકાશ મળે છે;
હરખની એ અણધારી હેલીને છાતીમાં સમાવી નથી શકાતી,
એટલે જ એ હૃદયનો ભાર બનીને આંખોમાંથી ઝરે છે.

મા ના વ્હાલના પાલવમાં વર્ષોનો એ થાક ઓગળી જાય,
ને પિતાના સ્નેહ ભરેલા હાથમાં આખું મન ભરાઈ આવે;
જે પરસેવો બનીને વહ્યો હતો અંદરની કઠિન યાત્રામાં,
એ જ આજે પવિત્ર અશ્રુ બનીને પરમાનંદમાં વહે છે.

ખારા આંસુના ટીપામાંય ભીતરની તૃપ્તિની મીઠાશ અનોખી છે,
જે જગતની કોઈ દોલત નહીં, પણ જીવનની સાચી કમાણી બતાવે છે;
હૈયાના એ પરસેવાથી નીતરેલા આંસુ તો ગંગાજળ છે,
જે માણસને ખુદના જ સાચા સુખનો સ્વાદ ચખાડે છે!

આયુષી મનોજકુમાર વરીયા ધોરણ :- ૧૦

# વાલી કોર્નર

## ડાયટિંગ

રોજ સવારે મનમાં નક્કી કરું,
આજથી ડાયટિંગ શરૂ કરું,
ફળ-શાક ખાઈને પેટ ભરું,
તેલ મસાલાથી દૂર રહું.
પણ જેવું સમોસું સામે દેખાય,
મન મારું ત્યાં લલચાય જાય,
'એક જ તો છે' કહીને ખાઈ લઉં,
ને પછી કાલથી પાક્કું એમ કહું..
ડાયટિંગ એટલે શું....?
મનની સાથે રોજની લડાઈ,
જીતી જાઉં તો ફિટ બોડી,
હારી જાઉં તો પેટ વધે ભાઈ...!

વાલી: શિવાની જયદીપ બેહેરે ધોરણ - ૬

એક શાળામાં પ્રેમની પરિભાષા વિશે લખવા માટે બાળકોને કહેવામાં આવ્યું અને તેમને કહેવામાં આવ્યું કે તમારા મતે પ્રેમ એટલે શું? તે લખો. દરેક બાળકોએ ખૂબ સારા વિચારોથી પ્રેમની પરિભાષાને વર્ણવી. જે વડીલોને પણ વિચારતા કરી મૂકે તેવી મજાની હતી. એક આઠ દસ વર્ષની દીકરીએ લખ્યું કે મારા પપ્પા જ્યારે સાંજે ઓફિસેથી ઘરે આવે છે ત્યારે મારા માટે કંઈ ને કંઈ રમકડું કે મને ગમતી વસ્તુ લઈને આવે છે. તેમ છતાં મેં આજ સુધી મારા પપ્પાને ક્યારેય થેન્ક્યુ નથી કહ્યું. મેં હંમેશા સાંજ ને થેન્ક્યુ કહ્યું છે કારણકે પપ્પા મારા માટે મને ગમતી વસ્તુ કે રમકડાં લાવે છે જ્યારે સાંજ મારા માટે પપ્પાને લઈને આવે છે, આ પ્રેમ છે. એક બાળકે લખ્યું કે સવારમાં જ્યારે મારા દાદા છાપુ વાંચવાનું શરૂ કરે છે તે જ સમયે મારા દાદી તેમના માટે ચા બનાવવાનું શરૂ કરે છે, આ પ્રેમ છે. એક બાળકે લખ્યું કે મારો પરિવાર મને ઘરેથી સ્કૂલમાં જવા આવવા માટે વાહન વ્યવસ્થા કરાવી શકે છે પણ મારા પરિવારનું કોઈને કોઈ વ્યક્તિ મારા માટે સમય કાઢી અને મને લેવા અને મુકવા માટે આવે છે, આ પ્રેમ છે. એક નાનકડી આઠ દસ વર્ષની છોકરીએ લખ્યું કે મારો નાનો ભાઈ દરરોજ મારી સ્કૂલબેગના બીજા નંબરના ખાનામાંથી ચોકલેટ લઈને છાનોમાનો ખાઈ જાય છે. તેમ છતાં હું દરરોજ મારી સ્કૂલબેગના એ જ ખાનામાં ચોકલેટ મુકું છું...આ પ્રેમ છે...

✍️ વાલી : મિલન ભટ્ટ
(હાસ્ય કલાકાર)

## ધો.12 વિજ્ઞાનપ્રવાહના બાળકોના વિચાર...

**વિષય: મારા ગુરુ કેવા હોવા જોઈએ? (અત્યારના યુગ પ્રમાણે)**

➡️મારા મતે, આજના આધુનિક યુગમાં મારા ગુરુ એક મિત્ર જેવા હોવા જોઈએ, જે મારી સમસ્યાઓનો ત્વરિત અને યોગ્ય ઉકેલ લાવવામાં મને મદદ કરે.

➡️તેઓ મને મારી મનગમતી પ્રવૃત્તિઓ અને મારામાં રહેલી સુષુપ્ત શક્તિઓને (Skills) ઓળખીને તેને વધુ નિખારવામાં માર્ગદર્શન આપે તેવા હોવા જોઈએ.

➡️મારા ગુરુ ક્યારેય મારી સરખામણી અન્ય વિદ્યાર્થીઓ સાથે ન કરે તે ખૂબ જરૂરી છે, કારણ કે દરેક વ્યક્તિમાં અલગ-અલગ કૌશલ્ય અને ખૂબીઓ હોય છે. તેઓ પક્ષપાત વગર તમામ શિષ્યો સાથે એકસરખો વ્યવહાર રાખતા હોવા જોઈએ.

➡️તેમનો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર વળતર મેળવવાનો નહીં, પરંતુ સાચું જ્ઞાન પીરસવાનો હોવો જોઈએ.

➡️આજના સમય સાથે કદમ મિલાવી શકે તેવી પ્રગતિશીલ વિચારસરણી ધરાવતા ગુરુ જ યુવાનોને સાચી દિશા આપી શકે છે.

➡️તેઓ તમામ શિષ્યોને પોતાના બાળકની જેમ સ્નેહ આપે, તેમજ સમય આવ્યે શાંત અને કડક બંને સ્વભાવનો યોગ્ય સમન્વય કરી શકે તેવા હોવા જોઈએ, જેથી કોઈ તેમના શાંત સ્વભાવનો ગેરફાયદો ન ઉઠાવે.

➡️ટૂંકમાં, મારા ગુરુ મને મારી કારકિર્દીમાં સતત સાચું માર્ગદર્શન આપતા રહે તેવા પ્રેરણારૂપ હોવા જોઈએ.

**વિષય: આજના યુથના આદર્શ  ગુરુ: પથદર્શક અને મિત્ર**

➡️આજનો યુવા વર્ગ (Gen-Z અને મિલેનિયલ્સ) માત્ર આદેશ આપનારા શિક્ષક નહીં, પણ એક એવા ગુરુ ઈચ્છે છે જે તેમની માનસિકતા અને આકાંક્ષાઓને સમજી શકે.

મેન્ટર અને મિત્ર: આજનો યુવાન પોતાની મૂંઝવણો વડીલો કરતાં મિત્રો સાથે વધુ શેર કરે છે. તેથી ગુરુ જો મિત્રતાભર્યો વ્યવહાર રાખશે, તો યુવાનો પોતાની કરિયર અને પર્સનલ લાઈફની સમસ્યાઓ ખુલ્લા મને કહી શકશે.

ડિજિટલ અને સ્માર્ટ સોચ: આજના ડિજિટલ યુગમાં ગુરુ પણ ટેક્નોલોજી અને નવા ટ્રેન્ડ્સથી વાકેફ હોવા જોઈએ, જેથી તેઓ યુવાનોને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને સોશિયલ મીડિયાના સદુપયોગ વિશે યોગ્ય દિશા બતાવી શકે.

નોન-જજમેન્ટલ અભિગમ: યુવાનો પોતાની પસંદગીઓ (જેમ કે કરિયર, કપડાં કે લાઈફસ્ટાઈલ) બાબતે કોઈ ખોટું જજમેન્ટ ન આપે તેવા ગુરુને વધુ પસંદ કરે છે. ગુરુ ભૂલો સુધારે, પણ ટોણાં ન મારે.

પ્રેક્ટિકલ ગાઈડ: માત્ર પુસ્તકનું જ્ઞાન આપવાને બદલે વાસ્તવિક દુનિયાના પડકારો, આર્થિક વ્યવહારો (Financial Literacy) અને કમ્યુનિકેશન સ્કિલ્સ શીખવે તેવા ગુરુની આજના સમયમાં ભારે જરૂર છે.

નિષ્કર્ષ: આજના યુવાનોને એવા ગુરુની જરૂર છે જે તેમને પાંખો પણ આપે અને સાથે સંસ્કારોનું આકાશ પણ આપે!

## મનોમંથન કે ગુરુમંથન..?

આજે હું ગુરુના મહિમાની વાત નહીં કરું...કારણ કે ગુરુનો મહિમા તો સદીઓથી લખાતો આવ્યો છે.
આજે મારે ગુરુના સંઘર્ષની વાત કરવી છે. કારણ કે કદાચ પ્રથમ વખત ઈતિહાસમાં ગુરુ જ્ઞાન સાથે નહીં, પરંતુ Google, AI, Social Media અને એકલતા સામે સ્પર્ધા કરી રહ્યો છે. આજના વિધ્યાર્થીઓ પાસે અસંખ્ય જવાબો છે...પરંતુ પોતાના જીવનનો સાચો પ્રશ્ન શું છે, એ જ વિદ્યાર્થીઓને સમજાતું નથી. આજે વિદ્યાર્થીઓ પાસે માહિતીની ખોટ જ નથી, પરંતુ ઘણીવાર સાંભળનારની કમી રહી જાય છે. બાળક પાસે Google છે, AI છે, Social Media છે, આખી દુનિયાનું જ્ઞાન છે...
પણ જ્યારે તે અંદરથી તૂટી રહ્યો હોય, નિષ્ફળતાનો ડર સતાવતો હોય, અપેક્ષાઓનો ભાર અનુભવતો હોય...ત્યારે તેને સર્ચ એન્જિન નહીં, પરંતુ સુરક્ષિત સહકારની જરૂર હોય છે. કદાચ એટલા માટે આજે ગુરુની ભૂમિકા ફરીથી લખાઈ રહી છે. ગુરુ હવે માત્ર ભણાવનાર નથી. ગુરુ એટલે એ વ્યક્તિ, જે વિદ્યાર્થીના માર્ક્સ પહેલાં તેનું મન વાંચે. જે રિપોર્ટ કાર્ડ પહેલાં ચહેરો વાંચે. જે તેને "કેટલા માર્ક્સ આવ્યા?" એ પહેલાં "તું ખરેખર કેમ છે?"- એમ પૂછે.
એક સમય હતો જ્યારે શિક્ષક વર્ગખંડમાં પ્રવેશતા હતા પરંતુ આજે શિક્ષકને વિદ્યાર્થીના મનમાં પ્રવેશવું પડે છે.
કારણ કે પાઠ્યપુસ્તકની મુશ્કેલીઓ કરતાં, વિદ્યાર્થીના મનની મુશ્કેલીઓ વધારે જટિલ બની ગઈ છે. ગઈકાલે શિક્ષકનો પડકાર હતો — વિદ્યાર્થીને ભણાવવો. આજે શિક્ષકનો પડકાર છે — વિદ્યાર્થીને બચાવવો; સરખામણીથી...દબાણથી...એકલતાથી...અને નિરાશાથી.
આજના સમયમાં કદાચ શિક્ષણની સૌથી મોટી સફળતા ૧૦૦% પરિણામ નથી. પણ એ છે કે... એક પણ બાળક પોતાને એકલો ન માને. કારણ કે ઘણા વિદ્યાર્થીઓને નિષ્ફળતા નથી હરાવતી, એકલતા હરાવે છે. આપણે કદાચ આજે એક મહત્વના વળાંક પર ઊભા છીએ. પ્રશ્ન એ નથી કે ભવિષ્યમાં AI કેટલું આગળ વધશે. પ્રશ્ન એ છે કે... શું આપણે હજુ પણ વિષયો ભણાવનારા શિક્ષકો બનાવી રહ્યા છીએ, કે જીવન સમજાવનારા ગુરુઓ ? ભવિષ્યમાં કદાચ દરેક બાળક પાસે AI Assistant હશે. દરેક પ્રશ્નનો જવાબ પણ હશે, પણ દરેક બાળકને એક એવો ગુરુ પણ જોઈએ, જે તેને યાદ અપાવે કે તે કોઈ "ડેટા" નથી...કોઈ "સ્કોર" નથી...કોઈ "રિઝલ્ટ" નથી...!
તે એક જીવંત, લાગણીશીલ અને અનંત સંભાવનાઓ ધરાવતો માણસ છે.!!! અને કદાચ આવનારા સમયમાં શ્રેષ્ઠ શિક્ષક એ નહીં ગણાય, જે સૌથી સારું ભણાવે...પણ એ ગણાય, જે સૌથી વધુ બાળકોને જીવવા, હસવા અને પોતાની કિંમત સમજવા પ્રેરિત કરે, કારણ કે...AI વિદ્યાર્થીના પ્રશ્નોનો જવાબ આપી શકે છે, પણ વિંદ્યાર્થીના મૌનને સાંભળી શકતુ નથી. એ માટે હજુ પણ એક સંવેદનશીલ ગુરુની જ જરૂર છે.

**શિક્ષિકા : હેતલ જોષી**

## પુરુષોત્તમ માસની વિદાય

પુરુષોત્તમ માસ, આજે વિદાય તારી,
આંખોમાં ભક્તિના આંસુ ભરી;
હરિનામના મીઠા સ્મરણો લઈને,
તું ગયો હૃદયમાં છાપ ઊંડી ધરી।

પ્રભુના ચરણોમાં જે ક્ષણો વિતાવી,
તે જીવનભરનો આધાર બની;
જપ, તપ, દાન અને સત્સંગની ગંગા,
આત્માને પાવન કરનાર બની।

માસ પૂરો થયો, મહિમા નહીં,
હરિભક્તિનો દીપ કદી બુઝાય નહીં;
તારા આશીર્વાદે પ્રભુ પ્રત્યેનો પ્રેમ,
મનમંદિરમાંથી કદી ઘટશે નહીં।



હે પુરુષોત્તમ પ્રભુ, એવી કૃપા કરજો,
દર શ્વાસે તમારું નામ ગવાય;
અધિક માસના પવિત્ર સંસ્કારો,
જીવનના દરેક પળે ઝળહળાય।

વિંદાયની આ વેળાએ પ્રભુને વદન,
હૃદયભર કૃતજ્ઞતા અર્પણ કરીએ;
આવતા દરેક દિવસે હરિસ્મરણ સાથે,
ભક્તિના માર્ગે આગળ વધીએ।

માસ ગયો, પણ મહિમા રહ્યો,
હરિના ચરણોમાં પ્રેમ રહ્યો;
પુરુષોત્તમની કૃપા જ્યાં વરસે,
ત્યાં જીવનમાં સદાય આનંદ રહે.

**શિક્ષિકા : ધ્રુપલ સુથાર**

## પ્રેક્ટિકલ સંવેદના....

ઉત્સાહથી થનગનતું એક બાળક... જોઈ એક રંગબેરંગી પતંગિયું..કરતું અચરજ મનમાં...ઓહો...કેટલા કેટલા સુંદર રંગો...જોઉં તો જરા અડકીને...ત્યાં તો ઊડી ગયું પતંગિયું...બાળક દોડીને માતા પાસે આવ્યું..મમ્મી મમ્મી, કેવું સુંદર મજાનું પતંગિયું.... રંગબેરંગી ...મને તેને સ્પર્શવું હતું..તેની સાથે વાતો કરવી હતી..મમ્મી, ચાલ ને બાગમાં જઈએ ..ત્યાં એની રાહ જોઈએ... એની સાથે ફૂલોમાં રમવું છે.. મને પણ એની જેમ ઊડતા આવડે તો?મને પણ આમતેમ ઊડવું છે... ફૂલોનો કોમળ સ્પર્શ અનુભવવો છે.. મમ્મી ઓ મમ્મી..સાંભળને...મને ફરીથી પતંગિયાને મળવું છે....
મમ્મીએ ધીમે રહીને બાળકને વ્હાલ કર્યું....તેના માથે હાથ પસરાવ્યો...બાળકની આંખો ચમકી ઊઠી...વ્હાલથી તે મમ્મી સામે જોઈ રહ્યું...હમણાં આંગળી પકડશે અને લઈ જશે બાગમાં...મમ્મી હસી...અને....ધીમે રહીને બાળકના હાથમાં ટીવીનું રિમોટ આપ્યું...જો તો બેટા... ફલાણા ચેનલ પર પ્રકૃતિ,પતંગિયાના કેટલા સરસ વિડિઓ છે...ચાલ, આપણે સાથે જોઈએ.... અને આમ એક પતંગિયાને મળવા આતુર બાળકના હાથમાં રિમોટ આવ્યુ.... બાળક એક સંવેદનાને જીવતા ચૂકી ગયું...પતંગિયાની કોમળતા તેની અંદર પ્રવેશે ક્યાંથી...તેના હાથમાં તો હવે રિમોટ હતું... રિમોટના બટન દ્વારા ભાવના,આનંદ,સંવેદના on/off કરતા તે શીખી ગયું...અને કહેવાયું પ્રેક્ટિકલ બાળક...કહેવાયું કે આજકાલના બાળકોને કોઈની કઈ પડી નથી...હવે બહુ મોડું થયું...હવે રિમોટનો સ્પર્શ બાળકને ફાવી ગયો છે....રિમોટને ચલાવી ચલાવી આંગળા એવા બની ગયા છે કે જ્યાં કોઈ સંવેદના, કોમળતા સ્પર્શતી નથી... અને આપણે કહીએ છીએ બાળકો સંવેદનાહીન બની ગયા છે...કેવી વક્તા!!

**અંજલી છાયા : સુપરવાઈઝર**

## 21મી સદીના કૌશલ્યો
## (જટિલ વિચાર પ્રક્રિયા )

હે નાથ!
મારી વિચારયાત્રા જટિલ વિચારયાત્રા તરફ પ્રયાણ કરે તે માટેની ઉર્જા તું મને આપજે.
મારી આસપાસની દુનિયામાં સ્થૂળ દર્શન ન કરું, પરંતુ મારી દ્રષ્ટિ સૂક્ષ્મ સ્તર સુધી વિસ્તરે તેવી ક્ષમતા તું મને આપજે.
મારી વિચારયાત્રા જટિલ વિચારયાત્રા તરફ પ્રયાણ કરે તે માટેની ઉર્જા તું મને આપજે.
સમસ્યા તો દેખાય જ છે પણ સમસ્યાના ઉકેલ દેખાય તેવો દ્રષ્ટિકોણ મળે,
શું થયું તેના કરતાં કેમ થયું એવી વિચારશૈલી તું આપજે.
મારી જટીલ વિચારયાત્રા તરફ પ્રયાણ કરે તે માટેની ઉર્જા તું મને આપશે.
દરેક તથ્યોની આધારભૂત ચકાસણી કરી શકું,
અંધવિશ્વાસ અને અફવાઓથી દૂર રહી શકું,
પડકારો અને પરિવર્તન સામે ટકી રહું તે માટે મારા વિચારોની મજબૂતી તું જાળવી રાખજે.
મારી વિચારયાત્રા જટિલ વિચારયાત્રા તરફ પ્રયાણ કરે તે માટેની ઉર્જા તું મને આપજે.

(જટિલ વિચારસરણી વિદ્યાર્થીઓને માત્ર સારા વિદ્યાર્થી જ નહીં, પરંતુ સમજદાર, જવાબદાર અને સમસ્યા ઉકેલ શોધી શકતા સફળ નાગરિક બનાવે છે.)

**રીટા પરમાર : સુપરવાઈઝર**

## મારા કિચનની એક વેલ



મારા કિચનની એક વેલ. દરરોજ સવારે કૂકરની સીટીનો ઘોંઘાટ અને તેની ઉષ્ણતાનો શિકાર બને, દરરોજ શાકના વઘારનો તડકો સહન કરે અને ચા નો ગરમાવો પણ વેઠી લે, આ બધું હું રોજ નિહાળુ. તે આટલું બધું સહન કરીને પણ હવાની લહેરખીઓમાં જાણે કે હસતી - રમતી હોય એવો મને અહેસાસ થાય. રોજ એને તાકીને જોયા કરું તો એવું જ વિચારું કે આ કેટલી સહનશીલ છે! કે જે આટલું બધું સહન કરીને પણ રોજ નવી કૂંપળ આપતી હોય છે! ક્યારેય પણ એના પાંદડાં કરમાતા નથી. હા, ક્યારેક કૂકરની સીટીની વરાળથી તેના પાંદડાં પર કાળાશ આવી જતી હતી, તો પણ તે સુકાતી નહોતી જાણે કે તે એક નદીની પાસે રોપાયેલ વૃક્ષ સમાન હોય એમ એના પાંદડાં લીલાછમ રાખતી. એ ક્યારેય પણ ચીમળાઈ નથી જતી..તડકાના વખતમાં પણ તેના પર કોઈ જાતની આડ અસર જણાતી નહોતી. એવી છે મારા કિચનની એક વેલ.

**શિક્ષિકા : પેર્સિસ પાંડોર**

---

## પડકારો સામે અડીખમ

🧗 આવી જશે કયારે પણ કોઈ અડચણ,
💪 તૈયાર રહેશો તેને જવાબ આપવા અડીખમ,
⏳ છે આવનારો જમાનો હવે કઠિન,
🎯 તૈયાર રહેશો તેને જવાબ આપવા અડીખમ.
⛽ ભલે વધતા જાય પેટ્રોલના ભાવ,
🚶 પણ ચાલવાનું નિયમિત બનાવશો તો જવાબ આપશો અડીખમ.
💰 ભલે વધતી જાય મોંઘવારી,
📉 પણ કરકસર કરશો જ્યાં જરૂર હોય ત્યાં તો જવાબ આપશો અડીખમ.
📋 ભલે વધતી જાય જવાબદારી,
🗂️ પણ કરશો સચોટ આયોજન તો જવાબ આપશો અડીખમ.
🤖 ભલે આવી ગયું આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ,
🧠 પણ પોતાની બુદ્ધિનો વ્યવસ્થિત કરશો ઉપયોગ તો જવાબ આપશો અડીખમ.
🌍⚔️ ભલે બીજા દેશના યુદ્ધોના કારણે તકલીફ પડે,
👨‍👩‍👧‍👦🤝 પણ સમાજ અને કુટુંબને સાથે લઈ ચાલશો તો જવાબ આપશો અડીખમ.
💼 ભલે આવનાર સમયમાં નોકરીઓ માટે તકલીફ પડે,
🎓🔧 પણ જમાના પ્રમાણે કૌશલ્યોનો કરશો ઉપયોગ તો જવાબ આપશો અડીખમ.
✨ સંદેશ ✨: ⏰ સમય ભલે બદલાય, 🌪️ પડકારો ભલે વધે, 📚 તૈયારી, 📋 આયોજન, 🎯 કૌશલ્ય,🤝 અને એકતાથી, 🏆 આપણે દરેક પડકાર સામે અડીખમ રહી શકીએ છીએ.
🌟 "હિંમત, તૈયારી અને એકતા – સફળતાની સાચી ચાવી." 🌟

**શિક્ષક -- જતીન સોની**

## ઓહો !!.... તારીખ ૧ થી ૭ જુલાઈ વન મહોત્સવ ઉજવણીની હરિયાળી શુભેચ્છાઓ...

### ભોપાલનું "એલ્ગી ટ્રી (શેવાળ વૃક્ષ)" શું છે?

તાજેતરમાં મધ્યપ્રદેશના ભોપાલ શહેરમાં ભારતનું પ્રથમ "એલ્ગી ટ્રી (શેવાળનું વૃક્ષ) સ્થાપિત કરવામાં આવ્યું છે. આ ખરેખર કોઈ વૃક્ષ નથી, પરંતુ એક એવી આધુનિક ટેક્નોલોજી છે જે હવામાંથી કાર્બન ડાયોક્સાઈડ શોષીને ઓક્સિજન ઉત્પન્ન કરે છે.

### 🌱 એલ્ગી ટ્રી (શેવાળનું વૃક્ષ) કેવી રીતે કામ કરે છે?

આ સિસ્ટમમાં પાણીની અંદર રહેલી સૂક્ષ્મ લીલનો ઉપયોગ થાય છે. આ લીલ સૂર્યપ્રકાશની મદદથી પ્રકાશસંશ્લેષણ કરે છે અને ✔️ હવામાંથી $CO_2$ શોષે છે. ✔️ ઓક્સિજન છોડે છે. ✔️ હવાના પ્રદૂષણમાં ઘટાડો કરે છે.

### 📊 તેની વિશેષતાઓ

- એક "એલ્ગી ટ્રી (શેવાળનું વૃક્ષ )વર્ષમાં અંદાજે ૧.૫ ટન $CO_2$ શોષી શકે છે.
- તેના વિશે એવો દાવો કરવામાં આવે છે કે તે લગભગ ૨૫ પરિપક્વ વૃક્ષો જેટલું કાર્બનનું શોષણ કરી શકે છે.
- તે સૌર ઊર્જાથી સંચાલિત છે.
- આસપાસની હવામાં રહેલા સૂક્ષ્મ પ્રદૂષકો (PM ૨.૫ ) ઘટાડવામાં પણ મદદરૂપ થઈ શકે છે.





### 🌍 તેની જરૂર કેમ પડી?

આજે શહેરોમાં જગ્યા ઓછી થઈ રહી છે. ઘણા વિસ્તારોમાં પૂરતા વૃક્ષો વાવવા મુશ્કેલ છે. તેથી વૈજ્ઞાનિકો એવો વિચાર કરી રહ્યા છે કે: "જ્યાં વૃક્ષો માટે જગ્યા ઓછી હોય, ત્યાં ટેક્નોલોજી પ્રકૃતિની સહાયક બની શકે?" એલ્ગી ટ્રી (શેવાળનું વૃક્ષ) એ જ વિચારનું એક ઉદાહરણ છે.

વિચારવા જેવી વાત : એલ્ગી ટ્રી ભલે ૨૫ વૃક્ષો જેટલું $CO_2$ શોષી શકે, પરંતુ તે ક્યારેય કુદરતી વૃક્ષોનું સંપૂર્ણ સ્થાન લઈ શકતું નથી કારણ કે વૃક્ષો માત્ર ઓક્સિજન જ નથી આપતા...

🌳 છાંયો આપે છે.🐦 પક્ષીઓને આશ્રય આપે છે.🌿 જૈવવિવિધતા જાળવે છે.🌧️ વરસાદી ચક્રમાં મદદ કરે છે.💚 માનસિક શાંતિ આપે છે. તેથી "એલ્ગી ટ્રી (શેવાળના વૃક્ષો)નો વિકલ્પ નહીં, પરંતુ સહયોગી ટેક્નોલોજી તરીકે જોવામાં આવે છે.

## ચતુર કરો વિચાર...



### કીડીની વિચિત્ર સફર


પ્રશ્ન:એક રૂમની લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈ બધું જ સરખું છે એટલે કે તે એક આબેહૂબ સમઘન (Cube) છે. એક નાની કીડી આ રૂમના ભોંયતળિયાના એક ખૂણા પર બેઠી છે. તેને બિલકુલ સામેની તરફ આવેલા છતના સૌથી ઉપરના વિરુદ્ધ ખૂણા સુધી પહોંચવું છે.જો કીડી માત્ર દીવાલો અને ભોંયતળિયા પર ચાલી શકતી હોય (હવામાં ઉડી શકતી નથી), તો તેના માટે સૌથી ટૂંકો રસ્તો કયો હશે?

(A) પહેલા ભોંયતળિયાની ધાર પર ચાલીને પછી સીધી દીવાલ પર ચઢવું?

(B) ભોંયતળિયેથી ત્રાંસી ચાલીને ખૂણા પર જવું અને પછી ઊંચે ચઢવું?

(C) દીવાલ અને ભોંયતળિયાને એક સપાટ કાગળની જેમ કલ્પના કરીને ત્રાંસી લીટીમાં ચાલવું?

બાળમિત્રો, આ ટીકુભાઈ પોતાના ઘરનો રસ્તો ભૂલી ગયા છે, આપ તેમને મદદ કરશો ને..?



## મજાની મગજમારી

## હસગુલ્લા

સુરેશ : પૃથ્વી પર લોકો એટલા કેમ વધી રહ્યા છે ?
મિનેશ :કારણકે કોઈ "નો એન્ટ્રી " નું બોર્ડ જ નથી લગાવતું.

ભૂરાનો પગાર ૨૫ હજાર હતો.
એક મહિને તેને ૨૭ હજાર રૂપિયા મળ્યા અને તે ચૂપ રહ્યો.
બીજા મહિને તેને ૨૩ હજાર રૂપિયા મળ્યા અને સીધો ફરિયાદ કરવા HR પાસે ગયો....
HR એ પૂછ્યું કે, જ્યારે તમને ૨૦૦૦ વધારાના મળ્યા ત્યારે તમે ગયા મહિને ફરિયાદ કેમ ન કરી...?
ભૂરા એ જવાબ આપ્યો: હું સામાન્ય રીતે પહેલી ભૂલ માફ કરું છું પણ ....બીજી ભૂલ સહન કરી શકતો નથી....!!

### પુસ્તક અને મનુષ્ય : એક ચોટદાર મુલાકાત

પુસ્તક : હેલો ! ઓળખે છે મને ? કે હવે "ફેસ આઈડી" વગર ઓળખતું પણ નથી?
મનુષ્ય : અરે ! તું તો શેલ્ફ પર સનબાથ લઈ રહ્યો છે !
પુસ્તક : સનબાથ નહીં ભાઈ, ધૂળબાથ ! તારી બેદરકારીનું જ પરિણામ..!
મનુષ્ય : શું કરું? મોબાઈલ આવ્યો છે ને, ત્યારથી તો જાણે આખી દુનિયા હાથમાં!
પુસ્તક: દુનિયા હાથમાં છે... પણ ધ્યાન ક્યાં છે ?
મને ખોલે ત્યારે તું શાંત થાય છે. મોબાઈલ ખોલે ત્યારે તું ક્ષણિક "રિફ્રેશ" થાય છે!
મનુષ્ય : પણ મોબાઈલમાં ઝડપ છે !
પુસ્તક: હા, એટલી ઝડપ કે વિચાર કરવાની તક જ નથી મળતી ! વિચારમંથન કરવાનું તો હવે જાણે ભૂલી જ જવાયું છે ને..! પણ યાદ રાખજે...હું ધીમો છું...છતાં ઊંડો છું. મારા શબ્દોની ઊંડાઈમાં તારા ઘણાં ગૂઢ પ્રશ્નોના જવાબ છુપાયેલા છે.
મનુષ્ય: હા, તો મોબાઈલ પણ મને અપડેટ જ રાખે છે.
પુસ્તક: અરે, હું તો તને અપગ્રેડ કરું છું ! અને જો..મારા પાનાં તો પીળા થયા...પણ સાથે, તારી આંખો તો જો..મોબાઈલની અતિ દોસ્તીથી લાલ થઈ...
મનુષ્ય: (થોડી શાંતિથી) હમમ.. વાતમાં તો દમ છે...
પુસ્તક : હજી સમય છે..તારા દિમાગને પુસ્તકરૂપી ચાર્જર વડે ચાર્જ કરતાં શીખ..તું જ્યારે જ્યારે મને ખોલે ત્યારે વિચાર ચાર્જ થાય, કલ્પના અપડેટ થાય, અને આત્મવિશ્વાસનું નવું વર્ઝન ઈન્સ્ટોલ થાય..!
મનુષ્ય: (હાથમાં પુસ્તક લઈ)સમજાઈ ગયું મિત્ર, ચાલ, આજથી સંતુલન જાળવીશ..સ્ક્રીન સમય ઓછો... વાંચન સમય વધારે.
પુસ્તક: બસ, આ જ મારી જીત છે..ટેક્નોલોજી વાપર..પણ વાંચન દ્વારા પોતાની જાતને ઘડતા શીખ. હાશ, હવે તું સાચા અર્થમાં "સ્માર્ટ" બન્યો!
સ્માર્ટફોનથી નહીં... સ્માર્ટ વિચારોથી!

આપેલ ચિત્રમાં ઓછામાં ઓછા પાંચ તફાવત શોધો...





### ગત માસના લેખા -જોખા

અહિં ક્લિક કરો.

### જુલાઈ માસનું આયોજન

અહિં ક્લિક કરો.